# મોડાસામાં બેંક હડતાળથી ૨૦ કરોડથી વધુનુ ક્લીયરીંગ ખોરવાયુ

મોડાસા, તા. ૫

રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ વતન કરારના અમલીકરણની માંગણી સાથે આજે હડતાળ પર હોવાથી અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની પ્રજાને પરેશાનીનો સામનો કરવો પડ્યો. જ્યારે વેપારીઓના ચેક, ડ્રાફ્ટ ક્લીયરીંગના કારણે ૨૦૦ કરોડના નાણાંકીય વ્યવહારો ખોરવાતા વેપારીઓને ધંધામાં હાલાકી પડી હતી.

અરવલ્લી જિલ્લામાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓએ હડતાળ પર આજના દિવસ પુરતા ઉતરતાં અજાણ્યા બેંક ધારકો અને નાગરીકોને હાલાકી અનુભવી હતી. રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓને આપવામાં આવતા પગારભથ્થાની કરારની સમય મર્યાદા પુરી થયાને બે વર્ષ થવા આવ્યા હોવા છતાં આઈ.બી.એ. દ્વારા માંગણી ન સંતોષાતા અને વાયદાઓના કારણે એક દિવસની હડતાળ પાડી હતી. જેમાં રાષ્ટ્રીયકૃત બેંકના અંદાજે ૧૦૦૦ કર્મચારીઓ કામગીરીથી અળગા રહ્યા હતા. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૨૯ જેટલી રાષ્ટ્રીયકૃત બેંકોની શાખાઓ કાર્યરત છે. કર્મચારીઓ વારંવાર હડતાળ પર જતા હોવાથી જનતા હાલાકી અનુભવે છે. જ્યારે બેંક કર્મચારીઓના જણાવ્યા મુજબ જવાબદારીવાળી નોકરી હોવાના કારણે પગારધોરણ ઓછુ મળતુ હોવાથી અને મોંઘવારી વધી જવાના કારણે પગાર વધારાની માંગણી યોગ્ય છે. બેંક કર્મચારીઓને નવમા વેતન કરારમાં આઈ.બી.એ. ૧૭.૫ ટકાનો વેતન વધારો આપવામાં આવ્યો છે. પરંતુ ૧૦ મા વેતન કરારની મંત્રણાઓમાં ૧૦ ટકા જ વેતન વધારો કરવા માંગે છે. જે કર્મચારીઓ માટે અયોગ્ય અને નુકશાનકર્તા છે. જેની સામે રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓએ ૨૩ ટકા માંગણી કરેલ છે. ૧૦મા વેતન કરાર બે વર્ષે થવા છતાં પણ યોગ્ય નિર્ણય લેવાયો નથી. આઈ.બી.એ. અને કર્મચારી યુનિયન મંડળ વચ્ચે ૧૩ જેટલી બેઠકો થઈ હોવા છતાં કોઈ નક્કર પરિણામ ન આવતાં ન છૂટકે બેંકના કર્મચારીઓને આજે હડતાળ પાડી હતી. પરંતુ હડતાળથી અજાણ આમ જનતા આજે બેંકમાં લેવડ-દેવડ બંધ હોવાની પૂરતી જાણકારી ન હોવાના કારણે બેબાકળી બની હતી. લગ્નસરાની સીઝન હોવાથી કેટલાક લોકો આજુબાજુના ગામડાઓમાંથી બેંકમાંથી રૂપિયા ઉપાડી ખરીદી કરવાની ખુશી સાથે આવ્યા હતા. તેમને નિરાશ અને ઘરે પાછા જવાનો વારો આવ્યો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)

## પાલનપુરમાં બોગસ સી.સી.સી. સર્ટીફિકેટ કૌભાંડમાં પોલીટેકનીક કોલેજના નિવૃત્ત હેડ ક્લાર્કની ધરપકડ

પાલનપુર, તા. ૫

પાલનપુરના બોગસ સી.સી.સી. પ્રમાણપત્ર કેસમાં પાલનપુર પૂર્વ શહેર પોલીસે આજે મુખ્ય સૂત્રધાર તત્કાલિન કોલેજ હેડક્લાર્ક ફૈજ મહંમદ સીંધીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કર્યો હતો.

પાલનપુર શહેરના માલણ દરવાજા પાસે આવેલ જૂની પોલીસટેકનીક કોલેજના આચાર્ય સુરેશ ડાભીએ થોડા સમય પહેલા બોગસ સી.સી.સી. પ્રમાણપત્ર બન્યા હોવાની પોલીસ ફરિયાદ પાલનપુર પૂર્વ શહેર પોલીસમાં નોંધાવી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી તપાસનો દોર શરૂ કર્યો હતો. અને બોગસ સર્ટીના આધારે સરકારી નોકરી મેળવનારની પુછપરછ કરતા પોલીટેકનીક કોલેજના તત્કાલીન હેડક્લાર્કની તપાસ કરતા સમગ્ર પ્રકરણમાં હેડક્લાર્કની સંડોવણી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આથી પોલીસે તેની ધરપકડ કરી હતી. આ પ્રકરણમાં હજુ પણ કેટલાક અધિકારીઓની સંડોવણી હોવાની વિગતો બહાર આવશે તેવું પણ જાણવા મળ્યું હતું.

## ભિલોડામાં કોંગ્રેસ સમિતીના કાર્યકરો ધ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો


(તસવીર : જીત ત્રિવેદી, ભિલોડા)

પ્રતિનિધિ ધ્વારા ભિલોડા, તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં કોંગ્રેસ સમિતીના કાર્યકરો ધ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો.આ પ્રસંગે મધુસુદન મિસ્ત્રી એ.આઈ.સી.સી. સભ્ય, ડૉ. અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય,રાજેન્દ્રસિંહ ઠાકોર મોડાસા ધારાસભ્ય,ઘનશ્યામસિંહ ગઢવી જીલ્લા પ્રાભારી,ડાહ્યાભાઈ પટેલ પ્રમુખ સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ,કુમાર વનરાજસિંહજી રાઠોડ પ્રમુખ સાબરકાંઠા જીલ્લા યુવક કોંગ્રેસ,કુમાર ઈન્દ્રવિજયસિંહજી રાઠોડ,મુકેશભાઈ પટેલ,જીલ્લા અગ્રણી યુવા કાર્યકર ઋષીકેશભાઈ ભાવસાર, પુરણભાઈ મોરવાણી, ચૈતન્યસિંહ ચૌહાણ કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસમાં ઉત્સાહભેર જોડાયા હતા.ભિલોડા તાલુકામાં કોંગ્રેસ કાર્યકર્તાઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.આ પ્રસંગે મધુસુદન મિસ્ત્રીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે નવા વર્ષ નિમિત્તે કોંગ્રેસ કાર્યકર્તાઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉપર આકારા પ્રહારો કરી જણાવ્યું હતું કે જનધન યોજના હેઠળ મોટાપાયે કરોડોની સંખ્યામાં બેંકોમાં એકાઉન્ટો જનધન યોજના હેઠળ ખોલાયા છે પરંતુ આજ દિન સુધી કોઈને ફુટી પાઈ મળી નથી.લોકસભાની ચુંટણી દરમ્યાન આપેલા મોટા-મોટા વચનો પુરા કરવામાં નરેન્દ્રભાઈ મોદી નિષ્ફળ નિવડ્યા હોય તેમ લાગે છે. ખેડુતોને એક તરફ યુરીયા ખાતર મળતું નથી ત્યારે ખેડુતોને કપાસ,મગફળી સહિત વિવિધ પ્રકારના પાકોમાં પોષણક્ષમ ભાવો મળતા નથી. આગામી તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતની ચુંટણીઓમાં કોંગ્રેસના ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા હાકલ કરી હતી. ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી ધ્વારા આયોજીત સ્નેહમિલન સમારંભ કાર્યક્રમને સફળ બનાવવા યુવા કાર્યકર કાંતીલાલ ખરાડી, જીતુભાઈ બરંડા, દિનેશભાઈ મોડીયા સહિત વિવિધ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.



પાલનપુરના જાહેર માર્ગો પર રખડતા પશુઓની ગંભીર સમસ્યા સામે સ્થાનિક તંત્રએ કાર્યવાહી કરી હતી, પરંતુ પશુપાલકોએ સામે પ્રતિકાર કરતા તંત્રે પાછીપાની કરી હતી. આથી પશુપાલકો હવે બમણા જોરથી દાદાગીરી કરવા લાગ્યા છે. હવે તો પાલનપુરની સિવિલ હોસ્પિટલના સંકુલમાં પણ ગાયોએ અડીંગો જમાવી દીધો છે. ગાયો જાણે સારવાર કરાવવા જાતે આવી હોય તેમ તબીબની પ્રતિક્ષા કરતી નજરે પડે છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## મેઘરજ નજીકની લીટલ સેન્ટ શાળામાં વિદ્યાર્થી વિકાસ કાર્યક્રમ યોજાયો


(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

ઈસરી, તા. ૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના આંતરાળીય વિસ્તારમાં આવેલી લીટલ સેન્ટ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં મેઘરજ તાલુકા ગ્રામ વિકાસ મંડળ આંતોલી દ્વારા વિદ્યાર્થીઓમાં માનસિક, શારિરીક અને ગાણીતીક વિકાસ થાય તે માટે વિદ્યાર્થી વિકાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેઘરજ તાલુકાના આદિવાસી વિસ્તારમાં આવેલી લીટલ સેન્ટ ઈંગ્લિશ મીડીયમ સૂકલમાં વિદ્યાર્થી વિકાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદથી નામાંકિત તજજ્ઞોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સ્પોકન ઈંગ્લિશ, કમ્પ્યુટરનું જ્ઞાન, સંગીત તેમજ આજના આ આધુનિક અને સ્પર્ધાત્મક યુગમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા કઈ રીતે મેળવી શકાય તેના વિશે ખુબજ ઉંડાણપૂર્વક અને પદ્ધતિસર સમજાવ્યું હતું. તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કેવી રીતે કરવી તેના વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શૈક્ષણિક સંકુલ અંતોલીની સંસ્થાઓ તથા નજીકની શાળાના વિદ્યાર્થીઓ સ્નાતક બેરોજગાર યુવક યુવતીઓ અંતોલી બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓ અને આજુબાજુના ગામડાના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડેપ્યુટી કલેક્ટર હોથાએ ખુબ જ ઉંડાણપૂર્વક સમજ આપી હતી. જેમાં એન.કે. પટેલ (ઈસરી)ની અધ્યક્ષતામાં યોજાયો. જેમાં સોનજીભાઈ તરાળે કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યુંહતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન માવજીભાઈ એચ. ડામોર સંચાલક શ્રી વિકાસ મંડળ આંતોલીના સહયોગથી અને સંકુલના સ્ટાફ મિત્રો દ્વારા આજુબાજુના ગામડાના અને વિદ્યાર્થીઓનો વિકાસ થાય તે માટે ખુબ જ સુંદર પ્રયત્નો હાથ ધરી કાર્યક્રમમાં દરેક વિદ્યાર્થીઓ અને બેરોજગારો ઉપસ્થિત રહેતે માટે આયોજન કર્યું હતું.

રેલવેના ખાનગીકરણ સામે વિરોધ પ્રદર્શનને લઈને

## પાલનપુર રેલવે સ્ટેશન પ્રધાનમંત્રી મુર્દાબાદના નારાથી ગુંજી ઉઠ્યુ

પાલનપુર, તા. ૫

રેલવેમાં વિદેશી નિવેશ અને રેલવેના સંભવિત ખાનગીકરણ સામે કેન્દ્રની મોદી સરકાર સામે રેલવેકર્મીઓએ બાંયો ચઢાવી છે. ત્યારે આજે પાલનપુર ખાતે પણ રેલવેમાં એફ.ડી.આઈ.ના વિરોધ પ્રદર્શન વચ્ચે પ્રધાનમંત્રી મુર્દા બાદ ના નારા ગુંજી ઉઠ્યા હતા.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રેલવેમાં વિદેશી નિવેશ સાથે રેલવેના કથિત ખાનગીકરણની હીલચાલ સામે રેલવે કર્મચારીઓ કેન્દ્ર સરકાર સામે અવાજ ઉઠાવ્યો છે. આજે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન વચ્ચે પાલનપુર રેલવે સ્ટેશન ખાતે પણ રેલવે કર્મચારી યુનિયનોએ રેલવેના ખાનગીકરણ સામે ભારે રોષ ઠાલવતા વિલોધ પ્રદર્શિત કર્યો હતો. દેશ-વિદેશમાં ભારે ચાહના મેળવનાર પ્રધાનમંત્રી મોદી પર આંગણે રેલવેનું ખાનગીકરણ કરી રેલવે સહીત આમઆદમીની પણ ઘોર ખોદી રહ્યા હોવાનો આક્રોશ રેલવેકર્મીઓએ વ્યક્ત કર્યો હતો.

રેલવેમાં વિદેશી પુંજીને લઈને તેના અંજામની પરવા કર્યા વિના થઈ રહેલી હીલચાલ સામે રોષ ઠાલવતા રેલવેકર્મીઓએ જરૂર પડે પોતાની લડત ઉગ્ર બનાવવાની પણ ચીમકી ઉચ્ચારી હતી. આ કાર્યક્રમમાં રેલવે સ્ટેશન માસ્તર એસ.કે. સિંગ સહીતના રેલવેકર્મીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## મોડાસામાં પોલીસ ભરતી અંગે ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાયો


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૫

મોડાસામાં સ્થિત મ.લા. ગાંધી કેળવણી મંડળ સંસ્થામાં પી.સી.એસ.એસ. કેરીયર ડેવલપમેન્ટ એકેડમી અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે પોલીસ ભરતી અંગે ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

આ માર્ગદર્શન સેમિનારમાં જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક વી.એ. રાઠોડ, ડૉ. ઘનશ્યામ ગઢવી, પ્રફુલ ગઢવી વગેરે તજજ્ઞોએ ઉપસ્થિત રહી પોલીસની ભરતી અંગે કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કાર્યક્રમમાં સુધીર જોષી, ડૉ. ભદ્રેશ પટેલ, પરિમલ શાહ, રાકેશ પ્રજાપતિએ માર્ગદર્શન આપી પ્રેરક ઉપસ્થિતિમાં સહભાગી થયા હતા. સ્પર્ધાત્મક વર્ગોનું નિયમિત સંચાલન કરતા પી.સી. એસ.એસ.ના ડાયરેક્ટર ડૉ. સંતોષ દેવકરે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. જ્યારે આભારવિધિ મુકુન્દભાઈ શાહે કરી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વ્રજેશ પંડ્યાએ કર્યું હતું.

## ગોળા ગામની આદિવાસી યુવતીનું મગફળી ખાતા મોત

પાલનપુર, તા. ૫

પાલનપુર તાલુકાના ગોળા ગામમાં એક ખેત મજુર મહીલાને મગફળી ખાધા બાદ ખોરાકી ઝેરની અસર થઈ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

પાલનપુર તાલુકાના ગોળા ગામમાં રાજસ્થાનની ખેત મજુર મહીલા કામ કરતી હતી. ૩૦ વર્ષીય આદીવાસી યુવતી કાળીબેન લુકાભાઈ બુંબડીયાએ મગફળી ખાધી હતી. બાદમાં તેને ખોરાકી ઝેરની અસર થતા તેને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજતા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું હેડ કોન્સ્ટેબલ છગનજી ખુમાજીએ જણાવ્યું હતું. જો કે મગફળી ખાતા મોતને ભેટેલી આદીવાસી યુવતીનું મોત અકસ્માતે મોત છએ કે તેનું રહસ્ય મોત છે તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.જ

## ૧૪મી નેશનલ વુશુ-કુંગુ-ફૂ રમતોત્સવમાં પ્રાંતિજના સ્પર્ધકોનો ડંકો


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૫

અમદાવાદના મંગલપાંડે ઓડિટોરિયમ ખાતે તાજેતરમાં નેશનલ વુશુ-કુંગુ-ફુ રમતોત્સવ યોજાયો હતો. જેમાં પ્રાંતિજના એકલવ્ય ફાઉન્ડેશનના ૭ સ્પર્ધકોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી મેડલો મેળવ્યા હતા.

અમદાવાદમાં ૧૪મી નેશનલ વુશું કુંગું-ફુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં મુખ્ય મહેમાન પદે સાંસદ અને અભિનેતા પરેશ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવમાં સાબરકાંઠાના-૧૪ સ્પર્ધકોએ ભાગ લીધઓ હતો. જેમાં પ્રાંતિજના એકલવ્ય ફાઉન્ડેશનના સ્પર્ધકો આરવ સોની, પ્રિયાંશુ સોની, અભિષેક કાવા, રિદ્ધી પટેલ, અવિષ્કાર પરમાર, આશુતોષ જોષી અને પરિતા સોનીએ તેલુ અને સાંડા ઈવેન્ટમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું અને સાત ગોલ્ડ, પાંચ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. અને શાળા તેમજ તાલુકાનું ગૌરવ વધાર્યું હતું.

તાલુકાના વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા અને શાળા પરિવારે વિદ્યાર્થીઓ અને કોચ હાર્દિક બ્રહ્મભટ્ટને અભિનંદન પાઠવ્યા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧